# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૮૨૫૧

## સલામી સવારની..

આતંકનું ઉછેર કેન્દ્ર પાકિસ્તાન હોય છે,
શાંતિનું ઉલ્લંઘન કેન્દ્ર પાકિસ્તાન હોય છે
પાકિસ્તાન જ હોય કેન્દ્ર બધી ખટપટોનું -
બધા જ ભૂકંપોનું કેન્દ્ર પાકિસ્તાન હોય છે.

## હાઇકુ

સંસદે ધરી,
વટ હુકમની ઢાલ -
સુપ્રીમ સામે..
(મૂલ્યો નું અધઃપતન)

ધ્રૂજાવે તંત્ર -
વણઝારાનો પત્ર -
એપી સેન્ટર..
(નિકળ્યો સીબીઆઇ પહાડ)

## ચિંતન

**કર્ણસ્ત્વચં શિબિર્માંસ જીવં જીમૂતવાહનઃ ।**
**દદૌ દધી ચિરસ્થીનિ નાસ્ત્યદેયં મહાત્મનામ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ- 'ઉદારતાની પ્રશંસા' નામક વિભાગનો છે :

દુર્યોધનના મિત્ર દાનવીર કર્ણએ પોતાની ચામડી સાથે જડેલું, (સૂર્ય તરફથી મળેલાં) કવચ-કુંડળ, પણ (બ્રાહ્મણ સ્વરૂપે આવેલ યાચક કૃષ્ણને મહાભારત યુદ્ધ કાળે વખતે) આપી દીધા.

શિબિ રાજાએ (પરીક્ષા લેવા આવેલા ભગવાન જે હોલા સ્વરૂપે આવેલા હતા તેના પ્રાણ બચાવવા બાજ પક્ષીને એનો ભારોભાર) પોતાના શરીરમાંથી માંસના ટૂકડા આપી દીધા.

જીમૂત વાહને પોતાનો જીવ આપી દીધો.

.. અને દધીચિ ઋષિએ રાક્ષસની હત્યા માટે પોતાના શરીરના હાડકાં - હથિયાર બનાવવા માટે આપી દીધાં.

ખરેખર, દાનવીર સજ્જનોને માટે એવી કોઇ ચીજ-બાબત-વસ્તુ નથી કે જે દાનમાં આપી ન શકે - અર્થાત કોઇ પણ ખચકાટ વિના - અમૂલ્ય-દુર્લભ વસ્તુનું પણ દાન આપી શકે છે.

## સુવિચાર

- અભ્યાસક્રમ ને ભલે અનુસરીયે, અભ્યાસવૃત્તિ ન ચૂકીએ, તાસમાં ભલે ભણાવીએ, નવી ક્ષિતિજો ને નિહાળવાનું ન ચૂકી, પરિક્ષા ભલે લઇએ, ઉન્નતિની પરિભાષા ન ભૂલીએ - **ડો.કલામ**
- બાળકો એ જ મનુષ્યની સાચી સંપત્તિ છે, બાળકનો જન્મ એ મોટામાં મોટા આશીર્વાદ છે - **સંત તિરૂવલ્લુવર**
- સુખી થવું હોય તો મગજ ને તાળી મારી દો, માત્ર હૃદયને ખુલ્લું રાખો.. હૈયામાં ભરપૂર શ્રદ્ધા રાખો - **એસ. ભટ્ટાચાર્ય**
- તુમાખી કરનારો પોતાની વાત ખોટી હોય તો પણ સામેની વ્યક્તિએ સ્વીકારવી જોઈએ એવો હઠાગ્રહ રાખશે, પણ ગુસ્સો કરનારો સત્ય સામે નતમસ્તક બની જશે - **માનસ સૂત્ર**
- કમનસીબ એ આપણું ચારિત્ર્ય બતાવવાનો ઉત્તમ અવસર છે - **નારાયણ મૂર્તિ**
- જે માણસ એક પણ પ્રહાર કર્યા વિના શત્રુને મહાત કરી દે છે તે સૌથી મોટો વિજેતા છે - **ઉપનિષદ**
- અગ્નિ સ્વયં દેવ છે અને દેવો તરફ લઇ જતી દિશા પણ છે, પરમ સાથે જોડી આપતું ઝરણું એટલે જ અગ્નિદેવ - **ભાણદેવ**

## બોધ કથા

જીવનમાં એક બાજુ સાપના ફૂંફાડા છે તો બીજા બાજુ તમરાં-દેડકાંનું ડ્રાંઉ-ડ્રાંઉ એવા વાતાવરણમાં પણ તમારે બૂલબૂલ બની ગીત ગાવું પડે એ જ જીવનનું સાફલ્ય છે. તમારી આસપાસ નિકટના સ્વજનો જ પોતાના તુચ્છ-હલકા વ્યવહારથી તમને આઘાતો આપ્યા જ કરતાં હોય છે અને લાત સમજીને કે પુષ્પ સમજીને સહી લેવામાં જ જીવનનો આનંદ છૂપાયો છે કોઇ પણ ઘટનાને કઇ દૃષ્ટિથી જોવી એના પર તમારા સુખ-દુઃખનો આધાર છે દૃષ્ટિનો આધાર તમારા 'જીવન' પ્રત્યેના અભિગમ પર છે..

એક ફકીર એક અજાણ્યા ગામમાં દાખલ થયો. ફકીર સાચો ફકીર હતો એની પાસે તન-મન-ધન કંઇ જ ન હતું. કોઇ વાતની ફિકર ન હોય એ ફકીર..

આવા અર્ધનગ્ન જેવા ફકીરને પ્રવેશ દ્વારે જ ગામના કેટલાક 'પંચાતીયા' એ જૂતાંનો હાર પહેરાવ્યો. અલબત્ત એ હાર નવેનવાં પાંચ-સાંત જૂતાંની જોડનો હતો. પણ જૂતાં નો હાર એટલે જૂતાંનો..

પરંતુ ફકીર તો જૂતાંનો હાર પહેરી આનંદમગ્ન થઇ નાચવા-કુદવા ને ભજન-ગીત લલકારવા લાગ્યો યુવાનીઆઓને આશ્ચર્ય થયું.

એક યુવાને ફકીરને પકડી ઊભો રાખ્યો ને પ્રશ્ન કર્યો જૂતાના હારથી સ્વાગત કર્યું છતાં તમે ખૂશ કેમ છો?

ફકીર કહે - આવા ધોમ થડકામાં હું અને મારા શિષ્યો ઉગાડે પગે ફરતા હતા. ગામ લોકોએ અમારી પીડા સમજી અમને ઉપયોગી થાય એવો હાર તમે મને ભેટ આપ્યો એટલે હું ખૂબ ખૂશ થયો છું.

Email - sureshchandrabhatt18@gmail.com

# જ્ઞાનના રાષ્ટ્રીય સંદર્ભો અને વૈશ્વિક પરિપ્રેક્ષ્ય

## શિક્ષણ ચિંતન

- હર્ષદ પ્ર. શાહ

જ્ઞાન શબ્દને ઉચિત અર્થ અને ઊંચાઇ બક્ષવા ભારતે બહુ ખેડ્યું છે. વર્તમાન સમયમાં 'જ્ઞાન' નો લોકભોગ્ય અને વ્યાવહારિક શબ્દ છે - શિક્ષણ. પરંતુ શિક્ષણ, જ્ઞાન અને વિદ્યા - એ ત્રણેય શબ્દો ખરેખર જુદી જુદી અર્થચ્છાયા ઉપસાવે છે.

શિક્ષણ એટલે સંસ્કાર પ્રક્રિયા. મનુષ્ય અજાણતાં જ પોતાની ચારે તરફ રહેલા સમાજમાંથી સંસ્કાર ગ્રહણ કરતો રહે છે. એમાં સમાજની પ્રત્યેક વ્યક્તિ 'શિક્ષક' નું કામ કરે છે. શિક્ષણ મહદ્ અંશે માહિતી અને સિદ્ધાંત સાથે સંકળાયેલું છે. આમ કરાય ને આમ ન કરાય એવો શ્રેય અને પ્રેયનો ભેદ સમજાવવામાં એ માહિતી અને સિદ્ધાંતો કામ લાગે છે. શિક્ષણ મનુષ્યજીવનના પરિષ્કાર અને વિકાસની પ્રણાલી છે. જીવનના પ્રત્યેક અનુભવને શિક્ષણ કરી શકાય. વાસ્તવિકત રીતે સમસ્ત મનુષ્યના જ્ઞાનની પરિધીને વિસ્તૃત બનાવે, એની અંતદૃષ્ટિને ઊંડાણ બક્ષે, એની પ્રતિક્રિયાઓનો પરિષ્કાર કરે, ભાવનાઓ અને ક્રિયાઓને ઉત્તેજિત કરે અથવા કોઈ ને કોઈ સ્વરૂપે એને પ્રભાવિત કરે તે શિક્ષણ જ છે. શિક્ષણશાસ્ત્રમાં વ્યક્તિત્વના સંતુલિત અને સંપૂર્ણ વિકાસને શિક્ષણનું લક્ષ્ય માનવામાં આવ્યું છે. શિક્ષણ મનુષ્યની આંતરિક શક્તિઓનો સર્વાંગીણ અર્થાત્ શરીર, મન, બુદ્ધિ અને આત્માનો વિકાસ છે. શિક્ષણનો સંબંધ જેટલો વ્યક્તિ સાથે છે, તેથી પણ વધુ સમાજ સાથે છે. માનવજીવનમાં જે કંઇ અર્જિત છે તે બધું શિક્ષણનું જ પરિણામ છે. વ્યક્તિનું ચારિત્ર્ય, વ્યક્તિત્વ, સંસ્કાર, ચિંતન સૂઝસમજ, કુશળતાઓ, ટેવો અને જીવનની નાનામાં નાની બાબતો શિક્ષણ ઉપર નિર્ભર છે. વાસ્તવમાં શિક્ષણ એ પ્રક્રિયા છે જેના દ્વારા માનવ સર્વ પ્રકારે વિકસિત થઈને સમાજમાં ઉપયુક્ત સ્થાન ગ્રહણ કરે છે.

આત્મા સમસ્ત જ્ઞાનનો આધાર છે. શિક્ષણ મુખ્યત્વે જ્ઞાનની સાધના છે. જ્ઞાન ચેતનાનો વિષય છે. આ રીતે શિક્ષણ ચેતનાનું જ સંવર્ધન છે. શિક્ષણની પ્રક્રિયાઓ અત્યંત પ્રારંભિક તબક્કો માહિતીથી શરૂ થાય છે. એમાં જયારે સમજણ અને શ્રદ્ધા ઉમેરાય ત્યારે એ જ્ઞાન બને છે. માટે જ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે 'શ્રદ્ધવાન લભતે જ્ઞાનમ્' એમ કહ્યું છે. જ્ઞાનમાં જીવનનો અનુભવ સતત ઉમેરાયા કરે છે. આ નિરંતર પ્રક્રિયા છે. એને પરિણામે મનુષ્ય 'અનુભવસિદ્ધ જ્ઞાન' ના તબક્કામાં પ્રવેશે છે. અનુભવસિદ્ધ જ્ઞાનનો જયારે મનુષ્યના પૂર્વજ્ઞાન સાથે સમન્વય થાય અને જ્ઞાનનું આત્મસાતીકરણ થાય ત્યારે તે 'વિદ્યા'માં પરિણમે છે.

દા.ત. ગુરૂ દ્રોણ એમના બધા શિષ્યોને ધનુર્વિદ્યાના સિદ્ધાંતોથી માહિતગાર કર્યા અને સમજાવ્યું કે બાણ આવી રીતે ચલાવાય. ધનુષ્ય આમ પકડાય, એની પ્રત્યંચા આમ ખેંચાય. ત્યાર બાદ શિષ્યોએ બાણ ચલાવવાનો અનુભવ લીધો ત્યારે એનાં રહસ્યો અને પરિણામોનું જ્ઞાન થયું. એમાં જયારે એકાગ્રતા અને મૌલિકતા ઉમેરાય ત્યારે લક્ષ્યવેધનની વિદ્યા પ્રાપ્ત થાય. ત્યારે એ બાણવળી કહેવાય અને ધનુર્વિદ્યા જેને હસ્તગત થઈ ગઈ છે એવો ધનુર્ધર કહેવાય. ધનુર્વિદ્યા તો અર્જુને, કર્ણે અને એકલવ્યે... બધાએ મેળવી હતી. પણ એ બધાનું પૂર્વજ્ઞાન જુદું જુદું અને મૌલિક હતું. એથી એ બધાની ધનુર્વિદ્યામાં વૈવિધ્ય હતું. આમ વિદ્યા હંમેશા અનન્ય હોય છે. બુદ્ધિની મદદ વિના જે તે વિષય જયારે સ્વભાવ સાથે વણાઈ જાય ત્યારે તે વિદ્યા કહેવાય.

જ્ઞાનાર્જનના ૯ માર્ગો છે → (૧) શ્રવણ (૨) મનન (૩) નિદિધ્યાસન (સાધનાત્મક અનુભૂતિ) (૪) પ્રણિપાત (૫) સેવા (૬) નિષ્કપટભાવે કરાતા પ્રશ્નો (શંકાસમાધાન) (૭) તર્ક-વિતર્ક, વાદવિવાદ, શાસ્ત્રાર્થ (૮) પ્રયોગ અને (૯) કથાકથન

જ્ઞાનાર્જન પ્રક્રિયાના મૂળભૂત સિદ્ધાંતો છે - (૧) સરળથી કઠિન તરફ (૨) જ્ઞાતથી અજ્ઞાત તરફ (૩) સ્થૂળથી સૂક્ષ્મ તરફ (૪) વિશેષથી સામાન્ય તરફ (૫) પૂર્ણથી અંશ તરફ (૬) આગમનથી નિગમન તરફ (૭) વિશ્લેષણથી સંશ્લેષણ તરફ અને (૮) મનોવિજ્ઞાનથી આત્મવિજ્ઞાન તરફ.

જ્ઞાનનો ચોથો ભાગ વિદ્યાર્થી ગુરૂ પાસેથી ગ્રહણ કરે છે, ચોથો ભાગ પોતાની બુદ્ધિથી પ્રાપ્ત કરે છે, ચોથો ભાગ મિત્રો તથા સહાધ્યાયીઓ પાસેથી મેળવે છે અને છેલ્લે ચોથો ભાગ પોતાના અનુભવોથી મેળવે છે. જ્ઞાનને અર્જિત કરવામાં આવે છે, અપાતું નથી, લક્ષ્ય જ્ઞાનાર્જનનું મૂળ છે અને જિજ્ઞાસા જ્ઞાનાર્જનનો આધારછે. જ્ઞાનથી ઈચ્છા જાગૃત થાય છે અને ઈચ્છા મનુષ્યને ક્રિયાશીલ બનાવે છે.

ભારતીય સંકલ્પનાનુસાર જ્ઞાનાર્જનનાં ચાર માધ્યમ છે - (૧) મન (૨) બુદ્ધિ (૩0 ચિત્ત (૪) અહંકાર. આ ચારેય આત્માનાં કરણ છે, સાધન છે. મન જ્ઞાનનો આધાર નથી, આત્મા જ્ઞાનનો આધાર છે. આત્મા જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાનનો ઉદ્દેશ્ય છે - સત્યનું અન્વેષણ : જ્ઞાન સ્વયં ઉદ્દેશ્ય નથી. ઉદ્દેશ્ય તો સત્યનો સાક્ષાત્કાર છે. ભારતીય મનોવિજ્ઞાન 'આત્મા' ને જ જ્ઞાનનું કેન્દ્ર માને છે. મનની એકાગ્રતા જો ન સધાય તો જ્ઞાનપ્રક્રિયા શરૂ થતી નથી. શિક્ષણ ક્રિયા આધારિત હશે તો રૂચિ અને એકાગ્રતા ઉત્પન્ન થશે. જયાં સુધી વિષય સાથે એકાકાર - એકાત્મ ન થઈએ ત્યાં સુધી જ્ઞાન થતું નથી. નાડીઓનું વ્યવધાન (અવરોધ) પ્રાણાયામ અને યોગ દ્વારા દૂર થાય છે. અને જ્ઞાનાર્જનનો માર્ગ ખુલ્લો થાય છે. જ્ઞાનાર્જન પ્રક્રિયામાં ગુરૂ કરતાં શિષ્યના પ્રયત્નો જ મુખ્ય ભાગ ભજવે છે.

જ્ઞાન પ્રક્રિયાના છ તબક્કાઓ છે...

જ્ઞાન → (૧) શ્રદ્ધા (૨) મેધા (૩) પ્રજ્ઞા (૪) પ્રતિભા (૫) ધૃતિ અને (૬) ધા.

જ્ઞાન માટે ભારતીય દર્શને કહ્યું છે - જ્ઞાનં મનુજસ્ય તૃતીય નેત્રમ્ ।

મહાભારતકારે કહ્યું છે - નાસ્તિ વિદ્યાસમં ચક્ષુર્નાસ્તિ સત્યસમં તપઃ ।

વિદ્યા સમાન નેત્ર નથી અને સત્ય સમાન તપ નથી.

મહાભરતના સભાપર્વમાં ઉલ્લેખ્યું છે - શીલવૃત્તફલં શ્રુતમ્ ।

યોગવૃત્તિથી વિદ્યાથી વિદ્યાનું રક્ષણ થાય છે.

શિક્ષણ, જ્ઞાન અને વિદ્યાના આટલા બધા ભારતીય સંદર્ભો વાસ્તવમાં જીવનબોધ કરનારા છે, સાચી દિશા ચીંધનારા છે. સાચું જ્ઞાન મનુષ્યને સૃષ્ટિ, સમષ્ટિ, અને પરમેષ્ટિ સાથે જોડે છે. એ મનુષ્યના ચિંતનની ક્ષિતિજો અસીમ બનાવે છે. નરને નારાયણ બનાવી શકે છે. ભારતીય માટીની મહેકમાં પાંગરેલું જ્ઞાન મનુષ્યને અસહિષ્ણુ, સંકુચિત કે હિંસક બનાવી શકે નહીં. 'આત્મવત્ સર્વભૂતેષુ' નું જ્ઞાન પામેલો મનુષ્ય આત્મા અને પરમાત્મા વચ્ચે સેતુ બનીને રહે છે. 'અહમ્ બ્રહ્માડસ્મિ તત્ત્વમસિ' ના રહસ્યને સમજેલો મનુષ્ય આ જગતમાં એકાત્મભાવ દાખવી જીવે છે. 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા' ની નિત્ય પ્રાર્થના કરતો માનવી પ્રાણી માત્રનું કલ્યાણ ઝંખે છે. 'વસુધૈવ કુટુમ્બકમ્' ના મંત્રને આત્મસાત કરનારો ભારતીય પૂર્ણ જગતને પોતાનું કુટુંબ બનાવીને જીવે છે. 'કૃણ્વન્તો વિશ્યમાર્યમ્' નો મહામંત્રુ ઉદઘોષિત કરનાર સમસ્ત વિશ્વના મનુષ્યોને સંસ્કારિત કરવાનું ભગીરથ કાર્ય કરે છે. 'સ્વદેશો ભુવનત્રયમ્' નો ઉદ્ઘોષ ભારતીયને વિશ્વ માનવ બનાવી દે છે.

અને... એટલા જ માટે ભારતની જ્ઞાનસરિતા સમગ્ર જગતના પટને પલ્લવિત કરવાની ક્ષમતા ધરાવે છે એવું કહેવામાં અતિશયોક્તિ નથી. Globlisation નો નારો ભારતને શીખવવા નીકળેલા લોકોએ સમજી લેવું જોઈએ કે આ જગત અસ્તિત્વમાં આવ્યું ત્યારથી જ ભારત એક વૈદિક વિશ્વ રાષ્ટ્ર છે. એની રાષ્ટ્રીયતાની ભાવનામાં વૈશ્વિકતાની વિભાવના સમાયેલી છે.

અને... એટલા જ માટે આચાર્ય ચાણક્ય જેવા મહાપુરૂષોનું ઘોષવાક્ય છે કે, 'જો શિક્ષા યહ નહીં સિખાતી કિ રાષ્ટ્ર સર્વોપરિ હે, વહ શિક્ષા વ્યર્થ હે ઔર ઉસે તુરન્ત રોક દેના ચાહિયે ।' ૨૨૦૦ વર્ષ પહેલાં બોલાયેલા આ વાકયનું સિંહત્વ આજે પણ યથાવત્ છે... પણ, વર્તમાન શિક્ષણના કેટલાક ઘડવૈયાઓનું શિયાળપણું આ સિંહત્વ કરતાં વધુ અસરાકરક બની રહ્યું છે એ આપણું દુર્દૈવ છે. જ્ઞાનનો વિરાટ અજ્ઞાનતાના વામનપણામાં અને એમાં વમળોમાં અટવાયો છે.

રાષ્ટ્રને ભૂલીને, માતૃભૂમિના અસીમ ઋણુને વીસરીને કયારેક વિશ્વની ક્ષિતિજોનો સ્પર્શ નહીં થાય. રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાના મજબૂત આધાર પર વૈશ્વિકતાની ઈમારત ચણી શકાય. કોઈ પણ રાષ્ટ્ર પોતાના જ્ઞાનને ભુલી જઈને, અસ્મિતાને ઠેબે ચડાવીને, મૌલિકતાને ફગાવી દઈને પ્રગતિનો રાહ પ્રશસ્ત કરી શકતું નથી. રાષ્ટ્રના પ્રત્યે ઘટકમાં આત્મગૌરવ જાગે, સ્વાભિમાન પ્રગટે અને રાષ્ટ્રાભિમાન જાગૃત થાય એનું જ્ઞાન વિદ્યાર્થીઓને અપાય એમાં જ ભારતનું અને સંપૂર્ણ જગતનું શ્રેય નિહિત છે.

શિક્ષણના ક્ષેત્રે કાર્યરત લોકો એ ન ભૂલે કે દર્શન, સાહસ અને પરિશ્રમની સાધના કર્યા વિના શિક્ષણના ક્ષેત્રે ઈષ્ટ પરિવર્તન નહીં લાવી શકાય. પરિવર્તનની દિશા સરસ રીતે પકડી શકાય તે માટે શિક્ષણતત્ત્વનાં મહામૂલાં સૂત્રોનું પુનઃસ્મરણ કરી લઈએ.

શિક્ષણ એટલે...

→ મનુષ્યનિર્માણની પ્રક્રિયા
→ મનુષ્યની અંતર્નિહિત પૂર્ણતાનું પ્રગટીકરણ
→ જીવનના પરમ લક્ષ્યની પ્રાપ્તિનો દિશાબોધ
→ વિદ્યાપ્રાપ્તિનો માર્ગ... વિદ્યા એવી, જે મુક્તિ અપો. સા વિદ્યા યા વિમુક્તે
→ જીવનમૂલ્યોનો નિરંતર વિકાસ
→ મનુષ્યના સર્વાંગીણ વ્યક્તિત્વનો વિકાસ.
→ વ્યક્તિની સમષ્ટિ સાથેની ઐક્યસાધના
→ સ્વાર્થનો અસ્ત, પરમાર્થનો ઉદય
→ વ્યક્તિના અંતઃકરણમાં રાષ્ટ્રની સર્વોપરિતાનું પ્રસ્થાપન
→ વ્યક્તિનિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણ
→ વ્યક્તિના દૃષ્ટિક્ષેત્રે નિરંતર વ્યાપક બનાવવાની પ્રક્રિયા
→ જીવ, જગત અને જગદીશનું જ્ઞાન

આપણું બધાનું કર્તવ્ય એ છે કે Globlisation ના ષડ્યંત્રમાં ન ફસાતાં, અંધાનુકરણની અટવીમાં ન અટવાતાં અને દંભની દુનિયામાં ન ડહોળાતા આપણે શુદ્ધ જ્ઞાનના માર્ગ પર ચાલીએ. દુનિયા આખી ભૌતિકતાનું શિક્ષણ આપી રહી છે. એવા સમયે અધ્યાત્મને શિક્ષણનો આધાર બનાવી તેજસ્વી પેઢીનું નિર્માણ કરીએ. સત્ત્વશીલ શિક્ષણ દ્વારા વ્યક્તિ - વ્યક્તિને સંસ્કારિત કરી આપણી વિશ્વવ્યાપીની સંસ્કૃતિ દ્વારા સમગ્ર વિશ્વનો સાંસ્કૃતિક દિગ્વિજય કરવાનો શુભ સંકલ્પ જ આપણા માટે ઉપકારક બની રહેશે.

# જયાં સુધી મનરૂપી દર્પણ સત્યના નિર્મળ જળથી શુદ્ધ નથી થયું ત્યાં સુધી અસત્ય સાથેનું આ ઘર્ષણ થતું જ રહેશે, જયારે સત્ય સાધનાના જળથી મન-દર્પણ સાફ થઈ જશે, ત્યારે તેમાં અસત્યનો ઓછાયો ટકી નહીં શકે

## સત્યનું સૌંદર્ય અને મહેક

- ગિરધર ઉપાધ્યાય

એક સાધકના મનમાં પ્રશ્ન થઈ રહ્યો હતો, પણ તે રજૂ કરવો કે નહીં તેના વિચારમાં હતો. મહર્ષિએ તેના ચહેરા પર વાંચી લીધું. સાધકને પૂછ્યું - મહર્ષિએ 'કહો ભાઈ શું પુછવું છે?'

સાધકે પૂછ્યું, 'સત્ય કેન પ્રકારેણ જ્ઞાયતે' સત્યને કેવી રીતે જાણી શકાય મહોદય!

મહર્ષિના મુખાકૃતિ પર પ્રેમ છલકાતું અને બોલ્યાં, 'તારે બીજું કંઇ જ કરવાનું નથી!' 'ત્યં કિં અપિ યત્ બાનાસિ સર્વ વિસ્મરતુ' તું જે કંઇ જાણે છે, તેને ભૂલી જા. અને પછી જે બાકી રહેશે તે સત્ય.' બાળકને જુઓ - તે સત્યથી વધુ નજીક છે. સત્ય તેનો સ્વભાવ છે. અસત્યને ગ્રહણ કરવામાં તેને ખૂબ મહેનત કરવી પડે છે. આપણે ખૂબ શ્રમપૂર્વક તેને અસત્ય શીખવીએ છીએ. દુનિયામાં રહેવા માટે અસત્ય શીખવું જરૂર માનીએ છીએ. અને પછી તો તેનામાં રહેલી સત્યતા લુપ્ત થતી જાય છે.

બાળક શત્રુ - મિત્રના ભેદને જાણતું નથી. તે તો બંનેને જોઈને હસે છે, અને તેમની ગોદમાં જવા હાથ લાંબા કરે છે. પણ આપણે તેને શું શીખવીએ છીએ? આપણે તેના નિર્દોષ મન પર અસત્યનો લેપ કરીએ છીએ. બાળક પોતાના કાકાના ખોળામાં આનંદથી રમે છે - તેની સાથે આત્મિયતા માને છે પણ કાકાના ગયા પછી બાપુજી સમજાવે એ છે 'બેટા! આ તારા કાકા છે ને તે ખૂબ સ્વાર્થી છે. તેનાથી દૂર રહી શકાય તેટલું સારૂં.'

બાળક બિચારૂં હતપ્રભ થઈ સાંભળી લે છે, અને વિચારે છે કે 'આમાં સાચું શું? કાકી ની હાજરીમાં તો પિતાજી તેમના વખઆણ કરે છે, અને પાછળથી એમ કેમ કહેવા હશે?' હું સેક્ટર-૨૯ માં જયારે અમુક પરિવારોમાં ભ્રમણ કરવા જઉં છું. ત્યારે બાળકો અને માતાપિતાના સંવાદોને એકચિત સાંભળતો હોઉં છું. કોણ બાળકોને શું શીખવે છે? કેવું બોલતા શીખવે છે.

આ અસત્યના એ સંસ્કાર છે કે જે દ્વારા બાળકના કુમળા મન પર આપણે અસત્યરૂપી વિષનો પટ ચડાવી રહ્યા છીએ.

બાળકને નાત-જાતનો કોઈ ભેદ નથી. તેને માટે તો 'વયં સર્વે ભ્રાતરઃ' બધા વર્ણ અને આકાર સરખા જ છે. એકરૂપ છે, એક ઈશ્વરનું જ સ્વરૂપ છે. તે બધા પાસેથી પ્રેમ પ્રાપ્ત કરવા લલચાયા કરે છે. પણ આપણે તેને બહેકાવીએ છીએ, 'જો આ હલકા વર્ણનો છે, તેની સાથે ન બેસવું, આ ગરીબ વર્ગના છોકરાઓ છે, તેની સાથે ન રમવું.'

બાળક દરિદ્ર - ધનવાન, કુલીન - અકુલીન, સ્પૃશ્ય-અસ્પૃશ્યના ભેદને કે ધર્મ-સંપ્રદાયના વાડાને બિલકુલ જાણતું જ નથી. તે તે સૌની સાથે હળવા, મળવા, રમવા કુદવા તડપે છે. પણ આપણે તેની સામે ભેદોની અસંખ્ય દિવાલો ઊભી કરી દઈએ છીએ નિષેધ અને વજર્યની સીમાઓ બાંધી દઈએ છીએ. આપણે તેની ચેતના પર બળજબરીપૂર્વક અસત્યના થપેડા લગાવતા જઈએ છીએ, અને પછી તેને ઉપદેશ દઈએ છીએ. કે 'સત્યં વદ' = સાચું બોલો. સત્યનું આચરણ કરો, સત્ય એ જ - ધર્મ છે. 'સત્ય હંમેશા સો વર્ષ ટકે છે. અને પાખંડ (આડંબર) દસ વર્ષ સુધી.'

વેદમાં કહ્યું છે.'હૃદયેન સત્યમ્' (યજુર્વેદ ૧૯/૮૫) અર્થાત્ સત્યનું પ્રાગ્ટ્ય પરમાત્માના હૃદયમાંથી થયું છે. પરંતુ આપણે પરમાત્માના હૃદયથી જન્મેલા એ સત્ય પર અસત્યનો ઢોળ ચઢાવવાનું જ ધન્ય કૃત્ય કર્યા જ કરીએ છીએ. આપણે ડગલે-પગલે અસત્યનું આચરણ કરી, બદલામાં સત્યની અપેક્ષા રાખીશું તો તે કેવી રીતે મળશે.

જયાં સુધી મનરૂપી દર્પણ સત્યના નિર્મળ જળથી શુદ્ધ નથી થયું ત્યાં સુધી અસત્ય સાથેનું આ ઘર્ષણ થતું જ રહેશે. જયારે સત્ય સાધનાના જળથી મન-દર્પણ સાફ થઈ જશે, ત્યારે તેમાં અસત્યનો ઓછાયો ટકી નહીં શકે.

આ સત્યની સાધના કઇ રીતે થઈ શકે? સત્યની સૌરભ નજીકનું અંગ કેમ બની શકે? સત્યની સૌરભ જીવનનું અંગ કેમ બની શકે? આવા અવમૂલ્ય રત્નને પ્રાપ્ત કરવા કોઈક મૂલ્ય તો ચૂકવવું પડશે ને? ... પણ એ મૂલ્ય કંઇ વધારે પડતું નથી; આપણું અત્યાર સુધીનું જીવન અસત્યની સાધનામાં જ વેડફાયું છે. પરિણામે હાથમાં 'શૂન્ય' જ આવ્યું છે. તો પછી સત્ય સંયમ માટે કોઈ વિશેષ મૂલ્ય નહીં ચૂકવવું પડે?

એ મૂલ્ય ચૂકવ્યું હતું આપણા ઋષિ બાળકોએ. એક ઉદાહરણ યાદ કરીએ. ચીની યાત્રી હ્યુ. એન. સંગ જ્ઞાનની શોધમાં ભારત આવ્યો હતો, ત્યારની વા વાત છે. તેણે ગુરૂકુળો અને આશ્રમોની મુલાકાતો લઈ સત્યની અવનવત શોધ કરી. જયારે તેને ચીન પાછા ફરવું હતું ત્યારે એક ગુરૂકુળના આચાર્યને તેણે વિનંતી કરી કે 'ભગવાન! આપના કેટલાક યોગ્ય શિષ્યોને આપ મારી સાથે મોકલવાની કૃપા કરશો કે જેથી અમારી ચીનની ભૂમિ પર આ અપાર જ્ઞાનના બીજને હું રોપી શકું!' આચાર્યે દસ-બાર શિષ્યોને તેની સાથે જવા અનુમતિ આપી. તેણે ભારતીય વાઙ્મયની કેટલીક એવી પ્રતો પણ સાથે લીધી, જેમાં સાધનાનો સાર હતો. રસ્તામાં હોડી દ્વારા એક મોટી નદી પાર કરી રહ્યા હતા. અધવચ્ચે જતાં હોડી ડૂબવા લાગી. તેમા વજન વધારે થઈ ગયું હતું. નાવિકે કહ્યું, 'થોડા પુસ્તકો નદીમાં ફેંકી દેવામાં આવે તો વજન ઓછુ થાય અને નાવ બચી જાય. નહિંતર હોડી ડૂબી જશે.' હ્યુ. એન. સંગે વિવશ બની કેટલાક પુસ્તકો ઉપાડ્યા અને જેવો તેને નદીમાં ફેંકવા જઈ રહ્યો તો તે એક ભારતીય વિદ્યાર્થીએ તેનો હાથ પકડી લીધો અને બોલ્યો, 'ઉભા રહો યાત્રી! આ માત્ર શાહીની ચીતરેલા, કાળા-પીળા પાનિયા નથી, આ ગ્રંથોમાં અમારા ઋષિઓનાં જીવનની તપસ્યા પડી છે. તેને નદીમાં ન પધરાવો. તેના ઉપર તો હજારોનાં જીવન કુરબાન થઈ જાય તો ય ઓછું છે.' આટલું કહી તે શિષ્યે નદીનાં પ્રવાહમાં કૂદી જળસમાધિ લઈ લીધી. હોડીનો ભાર હલકો કરવા એક પછી એક શિષ્યો નદીમાં છલાંગ લગાવવા લાગ્યા. યાત્રી દિગ્મૂઢ બની ગયો. નાવિક ફાટી આંખે જોઈ રહ્યો. આજ સુધી સત્યની રક્ષા માટે પ્રાણત્યાગનો આવો મહોત્સવ કયાંક ઉજવાયો છે ભલા! આ ભારતની ભૂમિ પર જ શક્ય છે. એકોક નદીમાં કૂદી પહેલાં શિષ્યોમાંથી એકનો હાથ નાવિકે પકડી લીધો અને બોલ્યો, 'ઘણું થયું, હવે તો ભાર જરૂરિયાત કરતાયે વધારે ઓછો થઈ ગયો છે. હવે પ્રાણોત્સર્ગની જરૂર નથી.'

નાવિકનો કંઠ રૂંધાઇ ગયો હતો, યાત્રીની આંખમાંથી આંસુઓનો વરસાદ વરસી રહ્યો હતો. તેણે આ દેશની ધરતીને પ્રણામ કર્યા. જયાં સત્યની પૂજા પ્રાણોથી થાય છે.

ભારતના સત્યનો સૂર્ય આ રીતે વિશ્વમાં પહોંચ્યો છે. સત્ય ખાતર પ્રાણત્યાગની તૈયારીથી જીવનવાટિકાના પુષ્પો ખીલી નીકળે છે અને મહેંકી ઊઠે છે.

'સત્યવ્રતં સત્ય પરંત્રિસત્યં' અસ્તુ -

# આધી સદી તક ઉઠ ઉઠ કર હમને આકાશ કો પોંછા હૈ

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

કેટલાક વર્ષો પહેલાં નવા સવા આઝાદ થયેલા ભારત દેશનાં ભાગ્ય વિધાતાઓએ રાજનૈતિક અધિકારીઓની દિશામાં એક ઐતિહાસિક નિર્ણય લીધો. દેશની ૮૪ % જનતા નિરક્ષર હતી. વિભાજનના પરિણામ સ્વરૂપે વિસ્થાપિતોનાં ચીસોથી ઇતિહાસનાં કર્ણપટલ ધ્રુજી રહ્યા હતા, એક ગરીબ અને શોષિત દેશ તરીકે ઊભરી રહ્યો હતો. સમસ્યાઓ વિકરાત હતી. આ સમયમાં પણ સમાનતાનાં ન્યાયે સૌને વયસ્ક મતાધિકાર આપી દેવામાં આવ્યો. અસમાનતાઓ ભરેલાં નવનિર્મિત ઐતિહાસિક દેશમાં આ એક આવકારદાયક પગલું હતું પરંતુ લોકશાહીની તમામ પ્રક્રિયાઓ 'સંખ્યાઓ'ની આસપાસ કેન્દ્રિત છે - ક્વોલિટી નહીં ક્વોન્ટીટી.

અને પછી શરૂ થઇ વોટ બેન્કની રમત... એમાં દાવ લે ગરીબી, ખો આપે નિરક્ષરતા ને એ આઉટ કરે રોજગારીને ને વળી પાછો દાવ આવે ગરીબીને માથે, કહેવાનો મતલબ એમ કે, દેશની બહુમત પ્રજા માટે જીવનની પ્રાથમિક જરૂરિયાતો જ સૌથી મહત્ત્વનો હતો અને હોવો પણ જોઇએ પણ આવા સંજોગોમાં શું તેઓ દેશ સામે ઊભેલી વિકરાળ સ્થિતિઓ અને પરિણતી જતી અનુ-પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને મત આપવાની ક્ષમતા ધરાવી શકે? આખરે લોકશાહી એટલે પસંદગી અને પસંદગી એટલે વિવેકશીલતા. કદાચ આ વિશાળ જનસંખ્યાની વિષમતાઓએ જ આ દેશનાં રાજકારણમાં વિષમતાઓ વધારી મૂકી.

૪૦ અને ૫૦નાં દશકામાં ભારતની આઝાદી સાથે અથવા આસપાસ ઘણા દેશ આઝાદ થયાં. ૧૯૪૭ માં જ સ્વતંત્ર થયેલા સાઉથ કોરિયા અને ભારતની સરેરાશ વાર્ષિક આવક લગભગ સમાન હતી પરંતુ ૨૧મી સદીમાં પ્રવેશ સુધી સાઉથ કોરિયા વિકસિત દેશોની હરોળમાં ઊભુ રહી ગયું અને ભારત હજી તેની વિષમતાઓ સામે ઝઝૂમી રહ્યું છે.

આપણા પાડોશમાં જ એવાં બાંગ્લાદેશની વાત કરીએ તો ૨૦૧૧માં બાંગ્લાદેશ કરતા ભારતની માથાદીઠ આવક (Per Capital Inocme) બમણી પણ બાંગ્લાદેશનો એક નાગરીક ભારતમાં કોઇ પણ એક વ્યક્તિ કરતાં સરેરાશ ચાર વર્ષ વધુ જીવે છે આ દેશમાં બાળ મૃત્યુદર અને શિશુ મૃત્યુદર પણ ભારત કરતાં ઓછો છે. ચીન જેવા દેશમાં આ દર ૧૩ છે જયારે ભારતમમાં ૪૭, સ્ત્રીઓ બાબતે બાંગ્લાદેશ જેવું રાષ્ટ્ર પણ ભારત કરતાં બહેતર સ્થિતિમાં જોઇ શકાય છે. માતૃત્વ સ્વાસ્થ્ય, સ્ત્રી શિક્ષા, જીવન પ્રત્યાશા જેવા માનવ વિકાસ સૂચકાંકોમાં બાંગ્લાદેશ ભારત કરતાં આગળ છે. ન્યુકિલયર પાવર બની રહેલાં એક દેશમાં અનાજનો દાણો નસીબ ના થતાં લાખો લોકો રહેતા હોય તે વિષમ ચરમસીમા છે. ગ્રોથ વર્સીસ ડેવલપમેન્ટ કે વૃદ્ધિ વિ. વિકાસની લડાઇ જારી છે.

વિકાસ સમાવેશી અને સર્વાંગી હોવો જોઇએ. નહિંતર અસમાનતાઓથી તરબતર સમાજ વધુ ધ્રુવીય અને અસમાન બનતો જશે. કલ્પના કરો કે કોઇ એક વ્યાપક જન્મે અને ફક્ત તેનાં હાથનો જ વિકાસ થાય, પગનો નહિ તો તેવા બાળકને તમે કેવું કહેશો? અસમાન વિકાસ એક રીતે એક ડિસેઅબલ સમાજ જ ઊભો કરે છે. ફક્ત ઇન્વેસ્ટમેન્ટનાં આંકડા વધવાથી કે આવકનાં ગ્રાફ ઊંચા જવાથી સુખાકારી વધે છે એમ નથી. સ્વાસ્થ્ય અને શિક્ષા જેવી બાબતોની અવગણતા કરી શકાય એમ નથી. માનવજીવનનાં તમામ આયામોને સ્પર્શતી વૃદ્ધિ જ વિકાસ ગણી શકાય. વૃદ્ધિનાં માર્કેટીંગને વિકાસનું નામ આપવાની પ્રવૃત્તિમાંથી બચવું રહ્યું.

ભારત એટલી ક્રૂર વિષમતાઓથી ભરેલો દેશ છે, જે કલ્પનાઓની સીમા બહાર છે, અહિંયા બધાંનાં પેટ ભરાય એટલું અનાજ પાકે છે, પણ બધાં એટલું કમાઇ નથી શકતા કે તે અનાજ ખરીદી શકે. મૂડીવાદી સમાજની વાસ્તવિકતાઓમાં મનુષ્યત્વ માત્ર એક આદર્શ પરિકલ્પના છે. સ્પર્ધા શબ્દનો અર્થ અહિં સ્વયં જીતવું એમ નહીં પણ બીજા તમામનું હારવું એવો થાય છે. ભારત વિરોધાભાસોની વચ્ચે ધબકતો એક દેશ છે. લોકશાહી એનો ધબકાર છે અને તમે એનો પ્રાણ. આ દેશની અંતિમ અને સર્વોચ્ચ સત્તા તમારા હાથમાં છે. અંતમાં હિન્દુસ્તાની વિરોધાભાસ પર ગુલઝાર સા'બની એક કવિતા...

●●●

**હિંદુસ્તાન મેં દો દો હિન્દુસ્તાન દિખાઇ દેતે હૈ**
**એક હૈ જિસકા સર નવે બાદલ મેં હૈ**
**દૂસરા જિસકા સર અભી દલદલ મેં હૈ**
**એક હૈ જો સતરંગી થામ કે ઊડતા હૈ**
**દૂસરા પૈર ઊઠાતા હૈ તો રૂકતા હૈ**
**ફિરકા-પરસ્તી તૌહમ પરસ્તી ઔર ગરીબી રેખા**
**એક હૈ દૌડ લગાને કો તૈયાર ખડા હૈ**
**"અગ્નિ" પર રખ કર પાંવ ઊડ જાને કો તૈયાર ખડા હૈ**
**હિન્દુસ્તાન ઉમ્મીદ સે હૈ**
**આધી સદી તક ઉઠ ઉઠ કર હમને આકાશ કો પોંછા હૈ**
**સૂરજ સે ગિરદી ગર્દ કો છાન કે ધૂપ ચૂની હૈ**
**સાઠ સાલ આઝાદી કે... હિન્દુસ્તાન અપને ઇતિહાસ કે મોડ પર હૈ**
**અગલા મોડ ઔર 'માર્સ' પર પાંવ રખા હોગા!**
**હિન્દોસ્તાન ઉમ્મીસ સે હૈ...**

-ch9723367947@yahoo.com